જય હિન્દ

તા. ૦૫.૧૦.૨૦૨૪

### નવરાત્રી ઉત્સવ સંદર્ભે આજથી તા. ૧૦ સુધી

# મેટ્રો સવારના ૬-૨૦ થી રાત્રીના ૨ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે

અમદાવાદ,તા.૪

હાલ અમદાવાદમાં, ફેઝ-૧ કોરિડોરમાં સવારે ૦૬-૨૦થી રાત્રે ૧૦-૦૦ વાગ્યા સુધી મેટ્રો ટ્રેન સેવાઓ કાર્યરત છે.



નવરાત્રિ ઉત્સવની ઉજવણીના ભાગરૂપે તા.૫ થી ૧૧ તારીખો પર મેટ્રો ટ્રેન સવારના ૬-૨૦થી રાત્રીના ૨ વાગ્યા સુધી માત્ર ફેઝ-૧ (પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર- દક્ષિણ) કોરિડોરમાં એટલે કે, થલતેજથી વસ્ત્રાલ ગામ અને મોટેરા સ્ટેડિયમથી એપીએમસી સુધી ઉપલબ્ધ રહેશે.

રાત્રે ૧૦-૦૦ વાગ્યા પછી મેટ્રો ટ્રેન સેવાઓ માત્ર ફેઝ-૧ (પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-દક્ષિણ) કોરિડોરમાં દરેક સ્ટેશનથી ૨૦ મિનિટના અંતરાલ પર ઉપલબ્ધ રહેશે.

માત્ર ફેઝ-૧ કોરિડોરમાના દરેક ટર્મિનલ સ્ટેશનથી એટલે કે થલતેજ, વસ્ત્રાલ ગામ, મોટેરા સ્ટેડિયમ તથા એપીએમસીથી છેલ્લી ટ્રેન ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૨ વાગ્યાનો રહેશે.

### માત્ર ફેઝ-૧ કોરિડોરમાં ટ્રેનના સમયમાં ફેરફાર